જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૯/૧૨/૨૦૨૧ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૩૦૦/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૮/૧૨/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૩૮	૦	૧૧૭૩૮	૧૭૮૪૮	૦	૧૭૮૪૮
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૫	૦	૧૨૫	૩૯૭	૦	૩૯૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૪૯૫૩	૪૦	૭૪૯૯૩	૭૬૦૬૪	૪૩	૭૬૧૦૭
કુલ		૯૧૫૪૯	૪૦	૯૧૫૮૯	૧૦૦૫૯૧	૪૩	૧૦૦૬૩૪

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૫૯	૫,૩૦,૨૫૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૨૭	૨,૨૭,૦૦૦/-

પ્રોહીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

મેઘાણીનગર પોલીસ સ્ટેશન

ભારતીય બનાવટના પરપ્રાંતના વિદેશીદારૂના જથ્થા સાથે બે આરોપીઓને પકડી ગણનાપાત્ર કેસ શોધી કાઢતી મેઘાણીનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબશ્રી તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી જી-ડિવીઝન અમદાવાદ શહેર નાઓની સુચના તેમજ સિનીયર પોલીસ ઈન્સપેકટરશ્રી જે.એલ.ચૌહાણસાહેબ મેઘાણીનગર પોલીસ સ્ટેશન નાઓના માર્ગદર્શન હેઠળ ૩૧ ડીસેમ્બર અનુસંધાને દારૂ-જુગારની પ્રવૃતિ શોધી કાઢવા તથા નેસ્તનાબૂદ કરવા સારૂ સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ. વી.એ.હરકટ તથા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન સર્વેલન્સ સ્કોડના એ.એસ.આઇ સાગરભાઇ ખુમાભાઇ બ.નં.૫૨૦૦ તથા અનાર્મ પો.કો.સુરપાલસિંહ અમરસિંહ બ.નં.૮૭૨૩ નાઓની સયુક્ત બાતમી હકિકત આધારે નીચે જણાવેલ આરોપીઓને મેઘાણીનગર ભાર્ગવ રોડ ભગવતી વિધ્યાલયની સામે આવેલ શ્યામનગર એક ટોરેન્ટ પાવરનુ ઇલેક્ટ્રીક મીટર નંબર-૨૧૬૦૨૪૫ વાળા મકાનમાથી ગુનાના વોન્ટેડ આરોપીની મદદથી ગેરકાયદેસર અને વગર પાસપરમીટનો નીચે જણાવેલ ભારતીય બનાવટનો પરપ્રાંતિય વિદેશી દારૂનો જથ્થો પોતાના આર્થિક ફાયદા સારૂ લાવી સંતાડી રાખેલ જે વિદેશી દારૂના જથ્થા સાથે આજરોજ તા:-૧૪/૧૨/૨૦૨૧ રોજ શોધી પકડી નીચે જણાવેલ બન્ને આરોપીઓ તેમજ ગુનાના વોન્ટેડ આરોપી વિરૂધ્ધમા મેઘાણીનગર પોલીસ સ્ટેશન પાર્ટ:-સી-૧૧૧૯૧૦૩૩૨૧૧૪૦૭/૨૦૨૧ ધી પ્રોહી એક્ટ કલમ-૬૫(ઇ),૧૧૬(બી),૮૧,૯૮(૨) મુજબનો ગુનો દાખલ કરી સારી તેમજ પ્રસંશનિય કામગીરી કરેલ છે. તા:૧૮/૧૨/૨૦૨૧

આરોપીઓના નામ સરનામા:-

(૧) અભિષેક ઉર્ફે બાદલ જગતસીંગ જાતે કુશ્વાહ ઉવ-૨૫ રહેવાસી-શ્યામનગર સુરેન્દ્ર મેડીકલની બાજુમા ભગવતી સ્કૂલની સામે ભાર્ગવ રોડ મેઘાણીનગર અમદાવાદ શહેર તથા
(૨) દિપકકુમાર અર્જુનસીંગ પાલ ઉવ-૨૨ રહેવાસી-સુભાલાલની ચાલી શ્યામનગર સુરેન્દ્ર મેડીકલની બાજુમા ભગવતી સ્કૂલની સામે ભાર્ગવ રોડ મેઘાણીનગર અમદાવાદ શહેર

આરોપીઓના કબ્જામાથી મળી આવેલ મુદામાલ:-

(૧) ભારતીય બનાવટના પરપ્રાંતના વિદેશી દારૂના અંગ્રેજીમા 7 YEARS OLD BLENDED OLD MONK MATURED XXX DELUX RUM VERY OLD UATTED 12 NOS. ના બોક્ષ-૭ મા શીલબંધ કાંચની બોટલ કુલ્લે નંગ-૮૪ ૭૫૦ મી.લી જેની કિ.રૂા ૩૧,૯૨૦/- તથા

(૨) ભારતીય બનાવટના વિદેશીદારૂનુ ROYAL CHALLENGE નુ બોક્ષ નંગ-૧ મા શીલબંધ કાંચની બોટલ નંગ-૧૨ ૭૫૦ મી.લી.ની જેની કિ.રૂા ૯૬૦૦/-એમ મળી કુલ્લે ૭૨ લીટર વિદેશીદારૂ જેની કિ.રૂા ૪૧,૫૨૦/-

(૩) બન્ને ઇસમો પાસેથી મળી આવેલ મોબાઇલ ફોન નંગ-૩ કિ.રૂા ૧૭,૫૦૦/- તથા

(૪) એક એક્સેસ સ્કૂટર નંબર વગરની કિ.રૂા ૪૦,૦૦૦/- તથા

(૫) વિદેશીદારૂ વેચાણના રોકડા રૂપિયા ૨૬૦૦/- મળી કુલ રૂ.૧,૦૧,૬૨૦/- મત્તાના મુદ્દામાલ

કામગીરી કરનાર અધિકારીશ્રી/કર્મચારી

(૧) પો.સબ ઇન્સ. વી.એ.હરકટ (૨) એ.એસ.આઇ દિનેશકુમાર મીઠાલાલ બ.નં.૭૬૧૧ (૩) અનાર્મ હેડ કોન્સ. સિરાજઅહેમદ લીયાકતઅલી બ.નં.૮૩૩૮ તથા (૪) અનાર્મ પો.કો. નિરજસિંહ ચંદ્રમાસિંહ બ.નં.૫૦૬૩ તથા (૫) અનાર્મ પો.કો. ભદ્રેશસિંહ બાબુભાઇ બ.નં.૩૧૬૦ તથા (૬) અનાર્મ પો.કો.સુરપાલસિંહ અમરસિંહ બ.નં.૮૭૨૩ તથા (૭) અનાર્મ લોકરક્ષક જતીનભાઇ દિનેશભાઇ બ.નં.૧૨૭૯૮ તથા (૮) અનાર્મ લોકરક્ષક પાર્થ ધર્મેન્દ્રકુમાર બ.નં.૧૧૬૪૮ તથા (૯) અનાર્મ લોકરક્ષક રિતેશ નંદલાલ બ.નં.૧૧૬૪૫ તથા બીજા સર્વેલન્સ સ્કોડના માણસો

વાહન ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

દરીયાપુર પોલીસ સ્ટેશન

મિક્લત સબંધી ગુનો શોધી કાઢતી દરીયાપુર પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર ૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "એફ" ડિવીઝન અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ સિનિયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી આર.જે.ચૌધરી સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે

સર્વેલન્સ સ્કોડ પો.સ.ઇ એ.બી.ચૌધરી તથા જગુભાઈ જેઠાભાઈ બન ૪૬૨૫ તથા મ.સ.ઈ કેશરીસિંહ વજુભાઈ બન ૯૦૬૪ તથા અહેકો વિજયસિંહ મંગુસિંહ બન ૯૮૫૨ તથા અપોકો રમેશકુમાર વશરામભાઈ બન ૮૩૫૦ તથા અપોકો વિપુલકુમાર પ્રભુદાસ બન ૮૪૭૬ તથા અપોકો કેરપુરી ગણેશપુરી બન ૮૨૭૦ તથા અપોકો ધવલ ગોવિંદભાઈ બન ૪૬૦૧ તથા શક્તિસિંહ દિલીપસિંહ બન ૩૮૯૭ તથા અપોકો જીતેશભાઈ રમેશભાઈ બન ૬૫૦૩ તથા અપોકો જતેશભાઈ અમ્રુતભાઈ બન ૧૦૪૧૬ તથા અપોકો ભગીરથસિંહ વિજેંદ્રસિંહ બન ૩૮૭૯ તથા લોકરક્ષક અજુભાઈ કાળુભાઈ બન ૧૧૫૮૯સાથે પો.સ્ટે વિસ્તારમા વર્ગ "અ" પડત તથા અન-ડીટેક ગુનાઓ શોધી કાઢવા સારૂ પેટ્રોલીંગમા હતા દરમ્યાન અપોકો રમેશકુમાર વશરામભાઈ બન ૮૩૫૦ તથા અપોકો વિપુલકુમાર પ્રભુદાસ બન ૮૪૭૬ નાઓની બાતમી હકીકત આધારે આરોપી નામે **રૂમાનુદ્દિન ઇલમુદ્દિન જાતે શેખ ઉ.વ ૨૬ ધંધો છુટક મજુરી મ.નં ૧૧૩૪ મુલ્લા હારૂનની પોળ પાંચપટ્ટી કાલુપુર અમદાવાદ શહેર**નાનુ નાએ ચોરી કરી મેળવેલ R.T.O રજી નં GJ 01 MZ 9251 એંજીન નં JF50E85059457 જેની કિ.રૂ.૩૨,૦૦૦/- ના મુદામાલ સાથે પકડી લઇ પો.સ્ટે ગુ.ર.નં-૧૧૧૯૧૦૦૯૨૧-૧૫૪૫ ઈપીકો કલમ ૩૭૯ મુજબ મિલ્કત સબંધી ગુનો શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે

.



નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૩૦૧/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૬ કેસ કરી, ૩૪ વ્યક્તિઓને ઝડપી, ૮૬ લીટર દેશી દારૂ, ૧૫૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૬ બિયર ટીન, ૧ મોટર સાયકલ અને ૧ રિક્ષા કબજે કરી હતી.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૩૦૨/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૨૩૦૩/૨૦૨૧**

ક્રાઈમ બ્રાન્ચઃ સુનીલકુમાર જયંતિભાઇ પટેલ (ઉ.વ.૩૭) (રહે. કુંજ ૨૦૩, કલ્પકુંજ ઝાયડસ હોસ્પીટલ પાસે થલતેજ) એ તા.૧૮/૧૨/૨૦૨૧ ના રોજ ક્રાઈમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે માર્ચ/૨૦૨૦ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન બોડકદેવ સિંધુભવન રોડ અક્ષર સ્ટાડીયા સીમ્ફોની હાઉસની સામે ૩૦૯ ખાતે આરોપી ઝિશાનહૈદર સીરાજહુસેન ફરસ્તા (રહે. જે.એફ.કોમ્પલેક્ષ, વાસી તળાવ રોડ, મહુવા, ભાવનગર તથા ગોકુલ જોધાની શેરી, જુની દેના બેંક સામે, તોરણીયા કુવા, મુ.તા.મહુવા, ભાવનગર) એ સુનીલકુમાર પટેલ દ્વારા અન્ય વેપારી પાસેથી મરચા પાવડર તથા સીંગદાણાનો માલ કિમત રૂપિયા ૬૭,૧૯,૨૨૭/- ખરીદ કરાવી ઝિશાનહૈદર ફરસ્તાએ માલ મેળવી લઈ માલના નાણા નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.વી.વસાવા ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૨૩૦૪/૨૦૨૧**

વસ્ત્રાપુરઃ જય સ/ઓ અમરનાથ પાહુજા (રહે. ગોયલ ઇન્ટરસીટી ડ્રાઇવ ઇન પાર્ક દુરદર્શન ટાવર સામે થલતેજ) એ તા.૧૮/૧૨/૨૦૨૧ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સને ૨૦૧૯ માહે મે/જુન થી તા.૧૭/૧૨/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાના તાળા તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, સોનાના દાગીના, મ્યુઝીક સિસ્ટમ, માઇક્રો ઓવન, જ્યુસ મિક્ષ્ચર ગ્રાઇન્ડર અને રોકડ રૂપિયા ૫૫,૦૦૦ મળી કુલ રૂપિયા ૬૫,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એચ.રાવલ ચલાવે છે.

સરખેજઃ આસીફ સ/ઓ અજીજભાઈ શેખ (રહે. ઈકબાલ રેસીડેન્સી સવેરા હોટલ સામે કેનાલની બાજુમાં ફતેવાડી સરખેજ) એ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૧૨/૨૦૨૧ સાંજના ૫/૦૦ થી તા.૧૮/૧૨/૨૦૨૧ બપોરના ૧/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાના તાળા તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોનાના દાગીના, ટી.વી. અને રોકડ રૂપિયા ૨૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૮૫,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.સી.ઝાલા ચલાવે છે.

ભુલથી ઝેરી પ્રવાહી પી જતા મૃત્યુઃ- સમાચાર યાદી નં.૨૩૦૫/૨૦૨૧

સોલા હાઈકોર્ટઃ ભીમાભાઇ પુકરાર મારવાડી (ઉ.વ.૩૫) (રહે. અર્બુદાનગર વિભાગ-૧ ચાંદલોડીયા) એ તા.૧૮/૧૨/૨૦૨૧ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ભુલથી ઝેરી પ્રવાહી પી લીધુ હતુ. સારવાર માટે તેમને સોલા સીવીલ હોસ્પીટલમાં લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરસિહભાઈ નાનજીભાઈ ચલાવે છે.

દાઝી જતા મૃત્યુઃ- સમાચાર યાદી નં.૨૩૦૬/૨૦૨૧

વાડજઃ વર્ષાબહેન વા/ઓ ચંદ્રકાંતભાઇ રાવત (ઉ.વ.૪૩) (રહે. ચંદ્રભાગા હાઉસિંગ, સૌરભ સ્કુલ સામે, વાડજ) નાઓના ઘરે તા.૧૦/૧૨/૨૦૨૧ કલાક ૧૦/૦૦ વાગ્યાના સુમારે ગેસમાં ભડકો થતા વર્ષાબહેન દાઝી ગયા હતા. સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૮/૧૨/૨૦૨૧ બપોરના ૩/૪૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી રમેશભાઇ મુળજીભાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ- સમાચાર યાદી નં.૨૩૦૭/૨૦૨૧

રામોલઃ રણજીતભાઇ વિરેન્દ્રભાઇ સોની (ઉ.વ.૩૦) (રહે.યોગેશ્વરપાર્ક બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૧૭/૧૨/૨૦૨૧ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે એક્સપ્રેસ હાઇવેની બાજુમાં સી.ટી.એમ.ચાર રસ્તા ડબલ બ્રિજ ઉપર પોતાની જાતે પોતાના શરીર ઉપર જવલનશીલ પદાર્થ છાંટી સળગી ગયા હતા. સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૮/૧૨/૨૦૨૧ કલાક ૨/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મણીલાલ ચંદુભાઇ ચલાવે છે.

ખોખરાઃ અંકીત કમલેશભાઇ રાઠોડ (ઉ.વ.૩૩) (રહે. લક્ષ્મીનારાયણ સોસાયટી વિભાગ-૧ પાણીની ટાંકી પાસે, ખોખરા) એ અગમ્ય કારણસર તા.૧૮/૧૨/૨૦૨૧ બપોરના ૨/૨૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એન.ચુડાસમા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.